GJNV020097262024

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૩-૧૧-૨૦૨૪ | |
| રજી. નોધ્યા તારીખ | : | ૧૩-૧૧-૨૦૨૪ | |
| ચુકાદો જાહેર થયા તારીખ | : | ૨૩-૦૬-૨૦૨૬ | |
| સમગગાળો | : | વર્ષ માસ દિવસ | |
| | | ૦૧ ૦૭ ૧૦ | |

## FORM-A

| | | |
|---|---|---|
| IN THE COURT OF ADDL.CHIEF JUDICIAL MAGISTRATE COURT NAVSARI, <u>Presided over by P.K.RAI</u> | | |
| ફોજદારી કેસ નં. | **૭૫૮૮/૨૦૨૪** | **આંક-૩૫** |

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | નવસારી ટાઉન પોલીસ સ્ટેશન |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | પાર્ટ-એ ગુ.રજી.નં.૧૧૮૨૨૦૧૯૨૪૦૨૫૬ |
| ગુનાની કલમ | ઈ.પી.કો.ક-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એ. કલમ-૧૭૭,૧૮૪ મુજબ |

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે | વિ. એ. પી. પી.શ્રી. જે. યુ. યાદવ |
| | |
| આરોપી | સુરજ શ્રી પાલ<br>ઉ.વ.૨૬, ધંધો-ડ્રાઈવીંગ<br>રહે. સુરત કડોદરા વરેલી, તા. જી.સુરત |
| આરોપીપક્ષે | વિ.વ.શ્રી એ. એસ. પવાર |

## FORM-B

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૨/૦૩/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલ તારીખ | ૦૨/૦૩/૨૦૨૪ |
| આખરી અહેવાલ તારીખ | ૧૩/૧૧/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૦૯/૦૪/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૭/૦૫/૨૦૨૫ |
| ચુકાદા માટે મુલત્વી રાખ્યા તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ |
| ચુકાદો જાહેર થયા તારીખ | ૨૩/૦૬/૨૦૨૬ |
| આખરી હુકમ | આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. |

# FORM-C

| આરોપીઓની વિગત | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | નિર્દોષ છોડયા કે સજા | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફો.કા.સંહિતા કલમ-૪૨૮ મુજબ |
| ૧ | સુરજ શ્રી પાલ | ૦૨/૦૩/૨૪ | ૦૨/૦૩/૨૪ | ઈ.પી.કો.ક-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એ. ૧૭૭, ૧૮૪ મુજબ | સજા | આખરી હુકમ મુજબ | - |

# FORM-D

## ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતપક્ષના સાક્ષીઓની યાદી

### (અ) ફરિયાદપક્ષના સાક્ષીઓની યાદી

| અનુક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| PW-1 | સોનપરી પવનકુમાર સહાની | ૦૯ | ફરિયાદી |
| PW-2 | તરૂણભાઈ કંચનભાઈ કહાર | ૧૨ | પંચ સાહેદ |
| PW-3 | લક્ષ્મણ શંભુનાથ નાયક | ૧૮ | સાહેદ |
| PW-4 | અરજનભાઈ દલપતભાઈ સોલંકી | ૧૯ | સાહેદ |
| PW-5 | મીતુબેન શ્રીકાંતભાઈ મોંડલ | ૨૦ | સાહેદ |
| PW-6 | સંતોષીબેન વિક્રમભાઈ લોઢી | ૨૧ | સાહેદ |
| PW-7 | સેજલકુમારી પવનકુમાર સહાની | ૨૨ | સાહેદ |
| PW-8 | સૈલાબીબેન પવનકુમાર સહાની | ૨૩ | સાહેદ |
| PW-9 | પવનકુમાર ભગીરથ સહાની | ૨૬ | સાહેદ |
| PW-10 | ચેતના સંજય હુમ્મર | ૩૧ | ત.ક.અધિકારી |
| PW-11 | સમીર જાહીદભાઈ કડીવાલા | ૩૩ | ત.ક.અધિકારી |

### (બ) બચાવપક્ષના સાક્ષીઓની યાદી

| અનુક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| DW-1 | - | - | - |

(ક) કોર્ટ સાક્ષીઓની યાદી

| અનુક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| CW-1 | – | – | – |

**ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતાના દસ્તાવેજોના આંકની યાદી**

(અ) ફરિયાદપક્ષે રજુ દસ્તાવેજોના આંકની યાદી

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | PD-10 | ફરિયાદ |
| ૨ | PD-13 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | PD-15 | મુદ્દામાલ ટ્રકનું પંચનામું |
| ૪ | PD-16 | આરોપીની શરીરસ્થિતિનું પંચનામું |
| ૫ | PD-25 | પરમાર ઓર્થો. હોસ્પિટલનું સર્ટીફીકેટ |
| ૬ | PD-28 | ન્યુ સિવિલ હોસ્પિટલ સુરતનું સર્ટીફીકેટ |
| ૭ | PD-29 | સિવિલ હોસ્પિટલ અમદાવાદનું સર્ટીફીકેટ |

(અ) બચાવપક્ષે રજુ દસ્તાવેજોના આંકની યાદી

| અનુક્રમ | દસ્તાવેજનો આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

(ક) અદાલતના દસ્તાવેજોના આંકની યાદી

| અનુક્રમ | દસ્તાવેજનો આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

(ડ) ભૌતિક પદાર્થ

| અનુક્રમ | ભૌતિક પદાર્થની યાદી | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

## **-: ચુ કા દો :-**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંક વિગત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૨/૦૩/૨૦૨૪ ના રોજ કલાક ૦૭/૪૫ વાગ્યે મોજે. રમાબેન હોસ્પિટલ પાછળ રૂસ્તમવાડી રોડ મુંબઈ ફેબ્રીકેશન દુકાનની સામે આવેલ ત્રણ રસ્તા જાહેર રોડ ઉપર ફરિયાદીની બહેન સેજલબેનનાઓ સાયકલ ઉપર જતી હોય આરોપીએ પોતાની ટ્રક નં. જીજે.૦૬-એયુ-૦૩૮૯ ની પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરિયાદીની બહેન સેજલ ની સાયકલને ટ્રકના પાછળના ટાયરમાં અડફેટમાં લઈ એકિસડન્ટ કરી શરીરના ડાબા હાથે તથા પગના ભાગે ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ કરી તથા જમણા હાથ તથા પગ અને જમણા ગાલના ભાગે સામાન્ય ઈજાઓ કરી ગુનો કરેલ હોય, ફરિયાદીએ નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ જાહેર કરેલ.

(૨) ઉપરોક્ત ફરિયાદ અન્વયે નવસારી ટાઉન પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૮૨૨૦૧૯૨૪૦૨૫૬/૨૦૨૪, ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ અન્વયેનો ગુનો નોંધી આગળની તપાસ કરી તપાસના અંતે ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ-૧૭૩ અન્વયે હાલના આરોપી સામે ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરતા ઉપરોકત નંબરથી ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી લઈ આરોપી સામે સમન્સ કાઢવામાં આવેલ છે.

(૩) આરોપીને સમન્સની બજવણી થતા આરોપી હાજર થતા તેને ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ-૨૦૭ અન્વયે નકલો આપવામાં આવેલ અને તે બાદ આંક-૦૮ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ તેમાં

આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા તેમની સામે આક્ષેપીત ગુનાની ટ્રાયલ ચલાવવામાં આવેલ અને ફરિયાદપક્ષનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ.

(૪) ઉપરોકત પુરાવો નોંધાયા બાદ ફરિયાદપક્ષ મૌખીક વિનંતીથી વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેવી રજુઆત કરતા તે મુજબ ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ ત્યારબાદ આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ-૩૧૩ મુજબ વધારાનું નિવેદન નોંધવામાં આવેલ. ત્યારબાદ બંને પક્ષના વિ.વ.શ્રી ની મૌખિક દલીલ સાંભળેલ છે.

(૫) ફરિયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદીએ ફરિયાદ મુજબ જુબાની આપેલ છે અને તેમના કેસને પુરેપુરુ સમર્થન આપેલ છે. વધુમાં નજરે જોનાર સાહેદો અરજનભાઈ સોલંકીની આંક-૧૯ ની જુબાની તથા સંતોષીબેન વિક્રમભાઈની આંક-૨૧ ની જુબાની જોતા તેઓએ આરોપીને ઓળખી બતાવેલ છે તેમજ આરોપી પુરઝડપે અને ગફલતભરી રીતે પોતાનું ડમ્પર ચલાવતા હોવાની જુબાની આપેલ છે તેમજ આરોપી ધ્વારા જ કહેવાતો અકસ્માત કરેલ હોવાની હકીકત જણાવેલ છે. જેથી આરોપી સામે હાલનો ગુનો પુરવાર થયેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

(૬) આરોપીના વિ.વ.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, ફરિયાદીની જુબાની અને અન્ય સાહેદોની જુબાનીમાં વિરોધાભાસ રહેલો છે. આરોપીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. આરોપીની ભુલના કારણે અકસ્માત થયેલ નથી. ઈજાપામનાર ડમ્પરના પાછળના વ્હીલમાં આવી ગયેલ હોય જેથી તેઓને ઈજા થયેલ છે તેમાં આરોપીની કોઈ ભુલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૭) ઉપરોકત હકીકતે આ કેસના આખરી ન્યાયીક નિર્ણય અર્થે અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**::- મુ દ્દા ઓ -::**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૨/૦૩/૨૦૨૪ ના રોજ કલાક ૦૭/૪૫ વાગ્યે મોજે. રમાબેન હોસ્પિટલ પાછળ રૂસ્તમવાડી રોડ મુંબઈ ફેબ્રીકેશન દુકાનની સામે આવેલ ત્રણ રસ્તા જાહેર રોડ ઉપર ફરિયાદીની બહેન સેજલબેનનાઓ સાયકલ ઉપર જતી હોય આરોપીએ પોતાની ટ્રક નં. જીજે.૦૬-એયુ-૦૩૮૯ ની પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરિયાદીની બહેન સેજલ ની સાયકલને ટ્રકના પાછળના ટાયરમાં અડફેટમાં લઈ એકિસડન્ટ કરી શરીરના ડાબા હાથે તથા પગના ભાગે ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ કરી તથા જમણા હાથ તથા પગ અને જમણા ગાલના ભાગે સામાન્ય ઈજાઓ કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટ કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૮) ઉપરોકત મુદ્દા અંગેના અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.**

(૧) મુદ્દા નંબર -૧, હકારમાં

(૨) મુદ્દા નંબર -૨ , આખરી હુકમ મુજબ

(૯) **નિર્ણય અંગેના કારણોની ચર્ચા.**

અદાલતે ફોજદારી કેસના ન્યાયીક નિર્ણય માટે પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતી વખતે નામદાર સર્વોચ્ચ અદાલતના **કે. એમ. નાણાંવટી વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, AIR 1962, SC,605 માં** રીપોર્ટ ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ નીચે મુજબના મુદ્દા અદાલતે ધ્યાને લેવા ના રહે છે.

(એ) ફરિયાદપક્ષે આરોપી પર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

(બી) સમગ્ર ટ્રાયલ દરમિયાન પુરાવાનો બોજો શરૂઆતથી અંત સુધી ફરિયાદપક્ષ ઉપર રહેલ છે.

(સી) આરોપીનું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે.

(ડી) અપવાદરૂપ સંજોગોનું અસ્તિત્વ ન હતુ તેવું અદાલતે અનુમાન કરવાનું રહે છે.

(ઈ) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનું છે તે અથવા તો તેવા સંજોગોમાં અસ્તિત્વ હતુ તે સાબીત કરવાનો બોજો આરોપી ઉપર રહે છે.

(એફ) આરોપીએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી છે કે બચાવમાં સાક્ષી તપાસ શકે છે અથવા ફરિયાદપક્ષે રજુ કરેલા પુરવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સંજોગોઆધારે પોતાનો બચાવ કરી શકે છે.

(જી) આરોપીએ પોતાના બચાવ સંભવિતાના બાહુતુલ્યના આધારે

કરવાના રહે છે.

**(૧૦)** સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ ફોજદારી કેસની કાર્યવાહી સમયે ફરિયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ beyond reasonable doubt એટલે કે શંકાથી પર પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે એટલે કે બીજા શબ્દોમાં કહીએ તો જયારે સીધો પુરાવો મળેલ ન હોય તો સાંયોગીક પુરાવાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તો જ આરોપી સામેનો ગુનો સાબિત થયેલો ગણાય અને તોજ આરોપીને સજા કરી શકાય, આરોપીએ તે માત્ર "Probebility & Possibility" એટલે કે સંભવિતતા અને શકયતા રેકર્ડ પર લાવવાની હોય છે સદરહુ કામે એ નોંધવાનું રહે છે કે, કાયદાનું કાયદાનું અર્થઘટન એટલે કે ખુલાસો કરતા સમયે સામેની વ્યકિત સમજી શકે તેવી રીતે જણાવવું જોઈએ અને તેવી ભાષામાં કહેવું જોઈએ એટલે કે, "inter foretarn at concordared lages legibus est. optimus inter foretandimous" કાયદાનું અર્થઘટન સુમેળ ભર્યા રીતે કરવાનું રહે છે.

**(૧૧)** ફરિયાદપક્ષે સાહેદ નં.૧ **ફરિયાદી સોનપરી પવનકુમાર સહાની** તેઓની **આંક–૦૯** થી રજુ મૌખિક પુરાવાની સરતપાસમાં જણાવે છે કે, ફરીયાદીના કુટુંબમાં બે ભાઈ અને ત્રણ બેનો તથા તેમના માતા–પિતા સાથે રહે છે અને છુટક મજુરી કરી ગુજરાન ચલાવે છે. તેમની બીજા નંબરની બહેન રાજ નંદની, ત્રણ નંબરની બહેન સેજલ, ભાઈ પ્રિતમ તથા વિપુલ છે. તેમની નાની બહેન સેજલ સાથે તા.૦૨/૦૩/૨૦૨૪ ના રોજ તેમના ઘરની નજીક સવારે ૦૭:૪૭ કલાકે તેમની બહેન પોતાની નોકરી પર શ્યામ ટ્રેડર્સ, મોટા બજાર, નવસારી મુકામે જતી હતી, તે સમયે તેમના ઘરથી સ્ટેશન પરથી મિથીલાનગરી, મચ્છી માર્કેટ જતાં રસ્તા પર રીંગ રોડ

ઉપર અકસ્માતા થયેલ. રીંગ રોડ પર તેમની બહેન સાયકલ લઈ જતી હતી ત્યારે એક સફેદ કલરના ડમ્ફર ટ્રક ધ્વારા તેમની બહેન રમાબેન હોસ્પિટલ તરફ જતી હતી તે દરમિયાન રીંગ રોડના વણાંકવાળા રસ્તા પર અડફેટે લેતાં તેમની બહેનની સાઈકલને પુરઝડપથી ટકકર મારેલ. તે સમયે ટ્રક ચાલક ત્યાંથી ટ્રક લઈને ભાગવા જતાં એક ઈકકો ગાડી વાળાએ થોડે આગળ જઈ પકડી લીધેલ. તે સમયે તેઓ પણ ભણાવવા માટે ચાલતા ચાલતા જતાં હતા. તે દરમિયાન તેમના ઘરની નજીક સર્કલ પાસે ત્રણ રસ્તા પર અકસ્માત થયેલ અને તેમના બહેનની પાછળ તેઓ પણ જતાં હતા એટલે ત્યાં બધા ભેગા થયેલ હોય, ત્યાં તેમણે બનાવ જોયેલ. જેથી તેમની બહેનને વધારે ઈજા થયેલ હોવાથી તેઓ એને રીક્ષામાં બેસાડી ડાબુ હોસ્પિટલ, નવસારી ખાતે સારવાર માટે લઈ ગયેલ. ત્યાં તેમની બહેનની પ્રાથમિક સારવાર કરેલ અને વધુ ઈજા થયેલ હોય પરમાર હોસ્પિટલમાં એમ્બ્યુલન્સમાં લઈ ગયેલ. ત્યારબાદ હોસ્પિટલનો ખર્ચ ર–૩ લાખ થતો હોય, તેમની પાસે સગવડ ન હોય, જેથી તેમના માતા–પિતા ઓરેન્જ હોસ્પિટલ ખાતે ઓપરેશન માટે દાખલ કરવા ગયેલા અને તેઓ આરોપી ડમ્ફર ચાલક વિરૂઘ્ધ ફરીયાદ આપવા માટે ગયેલ અને ત્યાં બનાવની ફરીયાદ તેઓએ આપેલ. તેમને અસલ ફરીયાદ બતાવવામાં આવતા તેમાં તેમની સહી છે જે આ કામે **આંક–૧૦** થી રજુ છે. આ ડમ્ફરનો નં. જીજે.૦૬.૦૩૮૯ જેવો હતો તેવું તેમને યાદ છે તે સફેદ કલરની તથા નંબર પ્લેટ પીળા કલરની હતી તેવું તેમને યાદ છે. અકસ્માત દરમિયાન તેમણે ચાલકને જોયેલ તેનું નામ તેમને ખબર નથી. નામ. કોર્ટ સમક્ષ એક ઈસમ જે સફેદ આછા કલર તથા રાખોડી જીન્સ પહેરેલ તેને પુંછતા તેણે પોતાનું નામ સુરજ પાલ જણાવેલ છે, તે આરોપી છે તે જણાવેલ. તેમની બહેનને ડાબા હાથના ખભાના ભાગે તથા કમરના

ભાગે અને ડાબા પગમાં ફ્રેકચર થયેલ અને તેનું ઓપરેશન કરાવેલ છે. તેમની બહેન ટ્રકના ડાબી સાઈડના પાછળના ટાયરમાં અડફેટમાં આવી ગયેલ.

(૧૨) ફરિયાદપક્ષે **પંચ સાહેદ તરૂણભાઈ કંચનભાઈ કહારને આંક– ૧૨** થી તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૨/૦૩/૨૦૨૪ ના રોજ નવસારી ટાઉન પોલીસે તેમને એક પંચનામા પર સહી કરાવેલ, શેનું પંચનામું હતુ તેની તેમને ખબર નથી. તેમને ગુનાવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવતા તેમાં તેમની સહી ઓળખી બતાવી સદર પંચનામું **આંક–૧૩** થી રજુ કરેલ છે. સદર પંચ સાહેદને વિ. એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ ઉલટ તપાસ કરવામાં આવેલ તેમ છતા સદર પંચ સાહેદે પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

(૧૩) ફરિયાદપક્ષે **આંક–૧૮ થી સાહેદ લક્ષ્મણ શંભુનાથ નાયક** તેઓની મૌખિક પુરાવાની સરતપાસમાં જણાવે છે કે, બનાવ આશરે એક વરસ પહેલા બનેલો. તેઓ બનાવ વખતે તેમના ઘરમાં હાજર હતા અને થોડીવારમાં તેઓ બહાર આવ્યા તો જોયુ કે ઘણુ પબ્લીક ભેગુ થઈ ગયેલુ અને ત્યાં હાજર લોકો તરફથી જાણવા મળેલ કે એક છોકરી જતી હતી ત્યારે ટ્રકવાળાએ અકસ્માત કરેલો અને ટ્રકવાળો ત્યાંથી ભાગતો હતો અને ત્યાં ચા વાળાએ ટ્રક ચાલકનેદોડીને પકડી લીધેલો. તેમણે અકસ્માત કરનાર ટ્રક ચાલકને જોયેલ નહી જેથી તેઓ ઓળખી શકે નહી.

સદર સાહેદને વિ. એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ તેમ છતા ફરિયાદપક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**(૧૪)** ફરિયાદપક્ષે **આંક–૧૯ થી સાહેદ અરજનભાઈ દલપત ભાઈ સોલંકી** તેઓની મૌખિક પુરાવાની સરતપાસમાં જણાવે છે કે, રૂસ્તમવાડી ત્રણ રસ્તા પાસે આવેલ જુહુ ટ્રાવેલ્સ એન્ડ પાન પાર્લરની દુકાન તેમના નામે છે. બનાવ આશરે દોઢ વર્ષ પહેલા બનેલો. સાહેદ બનાવ વખતે દુકાને હાજર હતા અને તે વખતે એક ડમ્પર રોડ પરથી પસાર થતુ હતું અને એક છોકરીને પાછળથી અકસ્માત કરેલ અને એ છોકરી સાયકલ ઉપર જતી હતી ત્યારે ટ્રકવાળાએ અકસ્માત કરેલો અને ટ્રકનું ટાયર છોકરીના શરીર ઉપર ફરી વળેલ. જેથી તેમણે આ બનાવ જોતાં ટ્રકવાળાને બુમ મારેલી અને ત્યાંથી બીજી એક સુરત પાસીંગ વાળી વાનને ઉભી રાખી ટ્રક ડ્રાયવર જે ભાગવા લાગેલ તેને આગળ જઈ પકડી લીધેલ અને તેમણે પોલીસને ફોન કરેલો અને પોલીસ આવી જતાં પોલીસને સોંપી દીધેલ. તેમણે આરોપીને અકસ્માત વખતે જોયેલ હોવાથી નામ. કોર્ટમાં તેઓ ઓળખી શકે છે. આરોપી નામ. કોર્ટમાં હાજર નથી. બચાવપક્ષે આરોપીની ઓળખની તકરાર નથી.

**(૧૫)** ફરિયાદપક્ષે **આંક–૨૦ થી સાહેદ મિતુબેન શ્રીકાંતભાઈ મોંડલ** તેઓની મૌખિક પુરાવાની સરતપાસમાં જણાવે છે કે, બનાવ આશરે દોઢ વરસ પહેલા બનેલો. બનાવ વખતે તેઓ તેમના ઘરે હાજર હતા. તેમનું ઘર રોડની સામે છે અને અકસ્માત થનાર સેજલ રોજ તેમને બુમ પાડીને જતી હતી જેથી ઓળખે છે અને અકસ્માત થયા બાદ બુમાબુમનો અવાજ આવતા તેઓ બહાર ગયેલ અને જોયેલ તો સેજલને એક ટ્રક ચાલકે ટ્રક તેના પગની ઉપરથી ચલાવી અકસ્માત કરેલ. ત્યારબાદ તેઓએ સેજલને હોસ્પિટલ લઈ ગયેલા. બનાવ વખતે તેઓ સેજલ પાસે હોવાથી ટ્રક ડ્રાયવરને તેમણે જોયેલ નહીં. ટ્રક

ડ્રાયવરને ત્યાં લોકોએ પકડી લીધેલ અને થોડીવાર બાદ પોલીસ આવ્યેથી આરોપીને લઈ ગયેલ.

(૧૬) ફરિયાદપક્ષે **આંક–૨૧ થી સાહેદ સંતોષીબેન વિક્રમભાઈ લોઢી** તેઓની મૌખિક પુરાવાની સરતપાસમાં જણાવે છે કે, બનાવ આશરે દોઢ વરસ પહેલા બનેલો. બનાવ વખતે તેઓ તેમના ઘરની બહાર દાદર પાસે ઉભેલ હતા. તેમનું ઘર રોડની સામે છે અને અકસ્માત થનાર સેજલ સાયકલ પર જતી હતી અને પાછળ તેની બહેન આવતી હતી ત્યારે એક ટ્રક ચાલકે તેના પગની ઉપરથી ચલાવી અકસ્માત કરેલ. ત્યારબાદ તેઓ સેજલ ને હોસ્પિટલ લઈ ગયેલા. બનાવ વખતે ટ્રક ડ્રાઈવરને પકડેલ હોવાથી તેમણે જોયેલ છે. જે નામ. કોર્ટમાં હાજર નથી.બચાવપક્ષે આરોપીને ઓળખ બાબતે તકરાર નથી. થોડીવાર બાદ પોલીસ આવ્યેથી આરોપીને લઈ ગયેલ.

(૧૭) ફરિયાદપક્ષે **આંક–૨૨ થી સાહેદ સેજલ પવનકુમાર સહાની** તેઓની મૌખિક પુરાવાની સરતપાસમાં જણાવે છે કે, બનાવ તા.૦૨/૦૩/૨૦૨૪ ના રોજ બનેલો. તેઓ બનાવના દિવસે કામ પર જતા હતા ત્યારે રીંગ રોડ પાસે બનાવ બનેલો અને સાહેદ સાયકલ ઉપર રોડ ક્રોસ કરતા હતા ત્યારે પાછળથી એક ટ્રક ચાલકે અકસ્માત કરેલો. જેમાં સાહેદને પગના ભાગે, હાથના ભાગે ઈજાઓ થયેલી. બનાવમાં તેમનું એકસીડેન્ટ થતાં બેહોશ થઈ ગયેલ, જેથી ટ્રક ડ્રાઈવરને તેઓ જોઈ શકેલ નહીં. તેમને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયેલા.

(૧૮) ફરિયાદપક્ષે **આંક–૨૩ થી સૈલાબીબેન પવનકુમાર સહાની** તેઓની મૌખિક પુરાવાની સરતપાસમાં જણાવે છે કે, બનાવ આશરે દોઢેક માસ પહેલા બનેલો. બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા. બનાવ આઠેક

વાગ્યાની આજુબાજુ બનેલો. બનાવ વખતે તેમની દિકરી સેજલ સાયકલ ઉપર કામ કરવા માટે જતી હતી અને બુમાબુમનો અવાજ આવતા તેઓ ઘરની બહાર નીકળેલી અને જોયુ તો તેમની દિકરી સેજલને અકસ્માત થયેલો અને એક ટ્રક ચાલકે પાછળથી ટ્રક ચડાવી અકસ્માત થયેલ છે. જેમાં તેમને પગના ભાગે, હાથના ભાગે, કમરના ભાગે ઈજાઓ થયેલી અને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયેલા અને ટ્રક ચાલકને ત્યાં લોકોએ પકડી લીધેલ અને બનાવ સમયે સાહેદે ટ્રક ચાલકને જોયેલ. જે ટ્રક ચાલક નામ. કોર્ટમાં હાજર નથી. બચાવપક્ષે ઓળખની તકરાર જતી કરેલ છે.

(૧૯) ફરિયાદપક્ષે **આંક–૨૬ થી સાહેદ પવનકુમાર ભગીરથ સહાની** તેઓની મૌખિક પુરાવાની સરતપાસમાં જણાવે છે કે, અકસ્માત થયેલ તે તેમની દિકરી સેજલ હતી. બનાવ તા.૦૨/૦૩/૨૦૨૪ ના રોજ બનેલો. સાહેદ તેમના કામ અર્થે શાંતાદેવી રોડ ગયેલા. બનાવની જાણ તેમની દિકરી સોનપરીએ કરેલી અને જણાવેલ કે, તે કોલેજ જવા માટે ઘરેથી નીકળી ગયેલ અને સેજલ સાઈકલ લઈને કિરાણાની દુકાને જોબ પર જવા માટે નીકળેલી ત્યારે આજુબાજુ રહેતા લોકોએ જણાવેલ કે, સેજલનું એકસીડેન્ટ થયેલ છે અને ત્યાં જઈને જોયેલ તો સેજલની સાઈકલ પડેલી હતી અને સેજલ લોહીલુહાણ હાલતમાં પડેલી હતી. તેને પગમાં અને કમરના ભાગે ઈજાઓ થયેલી હતી અને ત્યાં આગળ એક ડમ્પર ઉભેલો હતો પણ ત્યાં કોઈ ઈસમ હાજર ન હતો અને દાબુ હોસ્પિટલમાં સેજલને સારવાર માટે લઈ ગયેલ હોય તેઓ ત્યાં ગયેલ અને ત્યારબાદ વધુ સારવાર માટે પરમાર હોસ્પિટલ લઈ ગયેલા. ત્યાંથી વધુ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલમાં લઈ ગયેલા ત્યાં તેનું ઓપરેશન કરવામાં આવેલું. પોલીસે તેમનું નિવેદન લીધેલ. સાહેદ બનાવવાળી જગ્યાએ ગયેલા ત્યારે અકસ્માત

કરનારને ત્યાં લોકોએ બેસાડી રાખેલ હતો તે તેમણે જોયેલ. આરોપી નામ. કોર્ટમાં હાજર છે તેને ઓળખી બતાવે છે.

(૨૦) ફરિયાદપક્ષે **આંક–૩૧ થી ત.ક.અ. ચેતના સંજય ઠુમ્મર** તેઓની મૌખિક પુરાવાની સરતપાસમાં જણાવે છે કે,સને–૨૦૨૪ માં સાહેદ પી.એસ.આઈ. તરીકે નવસારી ટાઉન પો.સ્ટે. ખાતે તેમની ફરજ પર હાજર હતા તે વખતે નવસારી ટાઉન પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૮૨૨૦૧૯ ૨૪૦૨૫૬, ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબના ગુનાના કામે શરૂઆતની તપાસ પી.એસ.આઈ. એસ. જે. કડીવાલાનાઓએ કરેલ. ત્યારબાદ તેઓ તરફથી તેમને ગુના અંગેની તપાસ મળતા તેઓએ ઈજા પામનાર સેજલકુમારીનું સારવાર સર્ટી. મેળવવા સિવિલ હોસ્પિટલ, સુરતનાઓને રીપોર્ટ કરેલ અને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે પણ સારવાર સર્ટીફીકેટ મેળવવા રીપોર્ટ કરેલ અને સારવાર સર્ટી. મળી આવતા તપાસના કામે સામેલ રાખેલ. આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો પડતા ચાર્જશીટ કરેલું.

(૨૧) ફરિયાદપક્ષે ત.ક.અ.**આંક–૩૩ થી સાહેદ સમીર જાહેદભાઈ કડીવાલા** તેઓની મૌખિક પુરાવાની સરતપાસમાં જણાવે છે કે,સને–૨૦૨૪ માં સાહેદ પી.એસ.આઈ. તરીકે નવસારી ટાઉન પો.સ્ટે. ખાતે તેમની ફરજ પર હાજર હતા તે વખતે નવસારી ટાઉન પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૮૨૨૦૧૯ ૨૪૦૨૫૬, ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબના ગુનાના કામે ગુનો રજીસ્ટર થયા બાદ આગળની તપાસ પી.એસ.ઓ. તરૂણભાઈ જોગીભાઈ તરફથી લેખિતમાં મળતાં તેઓએ તપાસ સંભાળેલ. તપાસ દરમિયાન તેઓએ તા.૦૨/૦૩/૨૦૨૪ ના

રોજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું. તે પંચનામું પંચોની હાજરીમાં પંચોના લખાવ્ય મુજબનું લખી લેવામાં આવેલ. ત્યારબાદ તા.૦૨/૦૩/૨૦૨૪ ના રોજ ગુનામાં સંડોવાયેલ ટ્રક નં. જીજે.૦૬. એ.યુ.૦૩૮૯ નું પંચનામું પંચોના લખાવ્યા મુજબનું લખી લીધેલું અને તે જ દિવસે આરોપી સુરજપાલનું શરીરસ્થિતીનું પંચનામું કરેલું. સાહેદોના નિવેદન તેઓના લખાવ્યા મુજબના લખી લીધેલા. મેડીકલ ઓફીસર પરમાર હોસ્પિટલનું સારવાર સર્ટીફીકેટ મેળવવા માટે રીપોર્ટ કરેલો તેમજ આગળની તપાસ પી.એસ.આઈ. ઠુમ્મર સાહેબને સુપરત કરેલ. અટક કરેલ આરોપીને તેઓ ઓળખે છે. જે નામ. કોર્ટમાં હાજર છે તે જ છે.

## –: પુરાવાનું મુલ્યાંકન અને વિશ્લેષણ :–

**(૨૨)** આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ પૈકી સર્વપ્રથમ ફરિયાદ ધ્યાને લેતા ફરિયાદવાળો બનાવ તા.૦૨/૦૩/૨૦૨૪ ના રોજ કલાક ૦૭/૪૫ વાગ્યે મોજે. રમાબેન હોસ્પિટલ પાછળ રૂસ્તમવાડી રોડ મુંબઈ ફેબ્રીકેશન દુકાનની સામે આવેલ ત્રણ રસ્તા જાહેર રોડ ઉપર ઈજાપામનનાર સેજલબેનનાઓ સાયકલ ઉપર જતી હતી ત્યારે આરોપીએ પોતાની ટ્રક નં. જીજે.૦૬–એયુ–૦૩૮૯ ની પુર ઝડપે અને ગફલતભરી રીતે હં કારી લાવી ઈજાપામનાર સેજલબેન ની સાયકલને ટ્રકના પાછળના ટાયરમાં અડફેટમાં લઈ એક્સિડન્ટ કરી શરીરના ડાબા હાથે તથા પગના ભાગે ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ કરી તથા જમણા હાથ તથા પગ અને જમણા ગાલના ભાગે સામાન્ય ઈજાઓ કરેલ.

**(૨૩)** આ કામે આરોપી ઉપર ઇ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનુ તહોમત મુકવામાં આવેલ છે. કલમ–૨૭૯ વંચાણે લઈએ તો,

**ઇ.પી.કો. કલમ–૨૭૯.** **જાહેર રસ્તા પર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત.**

**જે કોઈ વ્યક્તિ, માણસોની જિંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યક્તિને વ્યથા અથવા હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી જાહેર રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તો, આ કલમ હેઠળનો ગુનો બને છે.**

(૨૪) આ કામે ફરિયાદીએ તેમની આંક–૯ ની જુબાનીમાં ફરિયાદને અનુરૂપ જુબાની આપેલ છે અને જણાવેલ છે કે, તા. ૨/૩/૨૦૨૪ ના રોજ સવારના ૭–૪૭ વાગ્યે તેમની બહેન સાયકલ ઉપર નોકરી પર જતી હતી ત્યારે સફેદ કલરના ડમ્પર ટ્રક ધ્વારા પુરઝડપે આવીને તેમની બહેનને ટકકર મારેલી. ત્યારબાદ ટ્રક ચાલક ત્યાંથી ભાગવા જતા એક ઈકો ગાડી વાળાએ તેને પકડી લીધેલ તે સમયે ફરિયાદી પણ ભણવા જતા હતા અને તેઓએ આ અકસ્માત જોયેલ હતો. ત્યારબાદ ફરિયાદીએ તેમની બહેનને હોસ્પિટલ સારવાર અર્થે લઈ ગયેલા. ફરિયાદી તેમની જુબાનીમાં ડમ્પરનો નંબર પણ જણાવેલ છે. વધુમાં આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ફરિયાદી ની જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ તેમાં આરોપીને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવી શકેલ નથી. ઉલટ તપાસમાં પણ ફરિયાદીએ જણાવેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ છે અને તેમની નજર સામે જ બનાવ બનેલ છે. ફરિયાદીએ આરોપીને કોર્ટ રૂબરુ ઓળખી પણ બતાવેલ છે.

(૨૫) આ કામના અન્ય બનાવ નજરે જોનાર સાહેદ અરજનભાઈ દલપતભાઈ સોલંકીની આંક–૧૯ ની જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ખુબ જ મહત્વના છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ સમયે તેઓ

તેમની દુકાને હાજર હતા ત્યારે ડમ્પર રોડ ઉપરથી પસાર થતુ હતુ અને એક છોકરીને પાછળથી અકસ્માત કરેલ, તે છોકરી સાયકલ પર જતી હતી. ટ્રકવાળાએ અકસ્માત કરેલો અને ટ્રકનું ટાયર છોકરીના શરીર ઉપર ફરી વળેલ. આ સાહેદ વધુમાં જણાવે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ હોય ટ્રક વાળાને બુમ મારેલી અને ત્યાંથી બીજી એક સુરત પાર્સીંગ વાળી વાનને ઉભી રાખી ટ્રક ડ્રાઈવર જે ભાગવા લાગેલ તેને આગળ જઈ પકડી લીધેલ. અને આ સાહેદે પોલીસને ફોન કરેલ અને પોલીસ આવી જતા પોલીસને સોંપી દીધેલ. વધુમાં આ સાહેદ જણાવે છે કે, આરોપીને અકસ્માત વખતે જોયેલ હોવાથી તેઓ આજરોજ કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકે છે પરંતુ આરોપી કોર્ટમાં હાજર ન હોય તેથી બચાવપક્ષ ધ્વારા ઓળખની તકરાર લેવામાં આવેલ નથી. આમ, આ સાહેદે બનાવ નજરે જોયેલ છે તેમજ આરોપીને સ્થળ ઉપરથી પકડેલ છે. અકસ્માત આરોપી ધ્વારા જ કરવામાં આવેલ છે તે હકીકત આ સાહેદની જુબાનીથી પુરવાર થાય છે. વધુમાં આ સાહેદે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, બનાવ વખતે અકસ્માત કરનાર વાહન ટ્રકની સ્પીડ વધારે હતી. તેમજ ટ્રક ચાલકે સાયકલ ચલાવતી ઈજાપામનારને પાછળથી ટકકર મારેલ હતી. આમ ઉપરોકત હકીકત જોતા ટ્રક ચાલક પુરઝડપમાં હતો તે હકીકત પુરવાર થાય છે. તેમજ ઈજા પામનારને પાછળથી ટકકર મારેલ હોય ટ્રક ડ્રાઈવર (આરોપી)ની બેદરકારી પણ રેકર્ડ પર પુરવાર થાય છે. અકસ્માત સમયે આરોપી ટ્રક ચલાવતા ન હતા તેવો કોઈ બચાવ આરોપી તરફે લેવામાં આવેલ નથી.

(૨૬) ત્યારબાદ અન્ય નજરે જોનાર સાહેદ સંતોષીબેન વિક્રમભાઈ લોઢી ને આંક–૨૧ ની જુબાની ધ્યાને લેતા તેઓ પણ નજરે જોનાર સાહેદ છે અને અકસ્માત થતા આ સાહેદે નજરે જોયેલ છે. તેમજ આરોપીને ઓળખી

શકે તેવુ જણાવેલ છે. બચાવપક્ષ ધ્વારા ઓળખની તકરાર લેવામાં આવેલ નહતી. આ સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, રોડની સામે જ તેમનું ઘર છે અને ઈજા પામનાર સેજલ સાયકલ પર જતી હતી અને પાછળથી તેની બહેન આવતી હતી ત્યારે ટ્રક ચાલકે તેના પગ ઉપરથી ચલાવી અકસ્માત કરેલો.વધુમાં ઉલટ તપાસમાં આ સાહેદે જણાવેલછે કે, અકસ્માત સમયે તેઓ ઘરની બહાર ઉભેલા હતા અને બનાવ સ્થળે હાજર હતા. આ અકસ્માત ટ્રકવાળાની ભુલના કારણે બનેલ કારણ કે ટ્રકવાળાએ પોતાની ટ્રક સ્પીડમાં ચલાવી અકસ્માત કરેલો હતો. આમ, આ સાહેદની જુબાનીથી પણ ટ્રક ચાલક આરોપી તેમની ટ્રક પુરઝડપે ચલાવી રહેલો હોવાની હકીકત તથા બેદરકારી પૂર્વક અકસ્માત કરેલ હોવાની હકીકત રેકર્ડ પર પુરવાર થાય છે. આરોપીની ઓળખ પુરવાર થાય છે.

(૨૭) ત્યારબાદ આંક–૨૩ થી ઈજાપામનાર સેજલ પવનકુમાર સહાનીનું સારવાર સર્ટીફીકેટ છે. જે બનાવની તારીખનું જ છે જેનાથી અકસ્માત થયેલ હોવાની હકીકત રેકર્ડ પર પુરવાર થાય છે. અને ઈજા પામનારને ફરિયાદમાં જણાવ્યા મુજબની ઈજા થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે. વધુમાં બચાવપક્ષ ધ્વારા મેડીકલ સર્ટીફીકેને આંકે પાડી વંચાણે લેવામાં આવે તો વાંધો નથી તેવુ શેરો કરવામાં આવે છે. જેથી આ કામે ડોકટરને તપાસવામાં આવેલ નથી.

**<u>નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રવિ કપુર વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન ના ચુકાદામા પેરા ૧૦મા વાહન ચાલકની પુરઝડપ અને બેદરકારી ક્યારે કહેવાય તે સ્પષ્ટ કરેલ છે.</u>**

***"10. In order to examine the merit or otherwise of contentions (b) and (c) raised on behalf of the appellant, it is necessary for***

***the Court to first and foremost examine (a) what is rash and negligent driving; and (b) whether it can be gathered from the attendant circumstances. Rash and negligent driving has to be examined in light of the facts and circumstances of a given case. It is a fact incapable of being construed or seen in isolation. It must be examined in light of the attendant circumstances. A person who drives a vehicle on the road is liable to be held responsible for the act as well as for the result. It may not be always possible to determine with reference to the speed of a vehicle whether a person was driving rashly and negligently. Both these acts presuppose an abnormal conduct. Even when one is driving a vehicle at a slow speed but recklessly and negligently, it would amount to 'rash and negligent driving' within the meaning of the language of Section 279 IPC. That is why the legislature in its wisdom has used the words 'manner so rash or negligent as to endanger human life'. The preliminary conditions, thus, are that (a) it is the manner in which the vehicle is driven; (b) it be driven either rashly or negligently; and (c) such rash or negligent driving should be such as to endanger human life. Once these ingredients are satisfied, the penalty contemplated under Section 279IPC is attracted."***

(૨૮) આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા અને હાલના કેસની હકીકત ધ્યાને લેતા તથા સાહેદોની જુબાનીથી એ હકીકત પુરવાર થાય છે કે, આ કામના આરોપી તેમનું ટ્રક પુરઝડપે અને બેદરકારી પૂર્વક ચલાવી ઈજા પામનારને પાછળથી ટકકર મારેલ છે. જેથી ઈ.પી.કો.કલમ–૨૭૯ નિ:શંકપણે પુરવાર થાય છે.

(૨૯) ત્યારબાદ આ કામે ઈ.પી.કો. કલમ–૩૩૭, ૩૩૮ વંચાણે લઈએ તો, તે નીચે મુજબ છેઃ

**ઇ.પી.કો. કલમ–૩૩૭.** **બીજાની જિંદગી કે શારીરિક સલામતી જોખમમાં મુકાય એવા કૃત્યથી વ્યથા કરવા બાબત.**

**જે કોઈ વ્યક્તિ, મનુષ્યની જિદંગી અથવા અન્ય વ્યક્તિની શારીરિક સલામતી જોખમમાં મુકાય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતને વ્યથા કરે તો, આ કલમ હેઠળનો ગુનો બને છે.**

**ઇ.પી.કો. કલમ–૩૩૮.** **બીજાની જિંદગી કે શારીરિક સલામતી જોખમમાં મુકાય એવા કૃત્યથી મહાવ્યથા કરવા બાબત.**

**જે કોઈ વ્યક્તિ, મનુષ્યની જિદંગી અથવા અન્ય વ્યક્તિની શારીરિક સલામતી જોખમમાં મુકાય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતને મહાવ્યથા કરે તો, આ કલમ હેઠળનો ગુનો બને છે.**

હાલના કેસમાં ઇ . પી. કો. કલમ . ૩૩૭ અને ૩૩૮ ધ્યાને લઈએ તોલ તેના પણ આવશ્યક તત્ત્વો આ કામે પુરવાર થયેલ છે કારણ કે , આ કામના આરોપીએ તેમના કબજામાં રહેલ ટ્રક (ડમ્પર) પુરઝડપે ગફલતભરી રીતે ચલાવી ઈજાપામનાર સેજલબેન પવનકુમારને પગના ભાગે તથા શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડેલ છે જે આંક–૨૯ થી રજુ મેડીકલ સર્ટીફીકેટથી પુરવાર થાય છે. અકસ્માત આરોપી ધ્વારા જ કરવામાં આવેલ છે તે હકીકત ઉપરોકત ચર્ચા કર્યા મુજબ પુરવાર થયેલ છે. તેમજ આ અકસ્માત આરોપીની બેદરકારીના કારણે થયેલ હોવાની હકીકત

પણ સાહેદોની જુબાનીથી પુરવાર થયેલ છે તેથી ઈ.પી.કો.કલમ–૩૩૭ અને ૩૩૮ ના તત્વો આરોપીની વિરુધ્ધમાં પુરવાર થાય છે.

**(૩૦)** ત્યારબાદ આ કામે આરોપી ઉપર એમ.વી.એક્ટની કલમ–૧૭૭ મુજબનુ તહોમત મુકવામાં આવેલ છે. જે કલમ ધ્યાને લઈએ તો,

**એમ.વી.એક્ટની કલમ–૧૭૭. ગુનાની શિક્ષા માટે સામાન્ય જોગવાઈઓ.**

**આ અધિનિયમ તથા તે હેઠળ કરેલાના કોઈ નિયમ, વિનિયમ અથવા જાહેરનામાની કોઈ જોગવાઈઓનુ ઉલ્લંઘન કરનારને જો તે ગુના માટે કોઈ શિક્ષા ઠરાવી ન હોય તો, આ કલમ હેઠળ તેને સજા થાય છે.**

પરંતુ હાલના કેસમાં કેસનુ સમગ્ર રેકર્ડ જોતાં, એવી એક પણ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી કે, આરોપીએ આવો કોઈ ગુનો કરેલ હોય કે જેથી એમ.વી.એક્ટના કોઈ અધિનિયમ કે નિયમ, વિનિયમ અથવા જાહેરનામાની કોઈ જોગવાઈઓનો ભંગ થયેલ હોય અને તેની સજાની જોગવાઈ એમ.વી. એક્ટમા ન હોય. તેમજ ફરીયાદપક્ષ દ્વારા એવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી કે આરોપીએ એમ.વી.એક્ટની કલમ હેઠળ એવો ગુનો કરેલ હોય જેની એમ.વી.એક્ટમાં સજાની જોગવાઈઓ કરવામાં આવેલ ન હોય જેથી એમ.વી.એક્ટની કલમ–૧૭૭ આરોપી વિરૂદ્ધ પુરવાર થયેલ ન હોઈ તેમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ.

**(૩૧)** ત્યારબાદ આરોપી ઉપર એમ.વી.એક્ટની કલમ–૧૮૪ મુજબનુ તહોમત મુકવામાં આવેલ છે. જે નીચે મુજબ છેઃ

**એમ.વી.એક્ટની કલમ–૧૮૪. બેફામ કે જોખમી રીતે વાહન ચલાવવા બાબત.**

**વાહન ચલાવવામાં આવતુ હોય, તે જગાનાં સ્વરૂપ, સ્થિતિ અને ઉપયોગ તથા તે જગામાનાં તે વખતનાં ખરેખરા ટ્રાફીકનાં પ્રમાણ અથવા ત્યાંના વાજબી રીતે અપેક્ષીત ટ્રાફીકનાં પ્રમાણપત્ર સહિત કોઇ કિસ્સાના તમામ સંજોગો ધ્યાનમાં લેતા, લોકો માટે જોખમી હોય, એવી ઝડપે કે રીતે મોટર વાહન ચલાવે ત્યારે, આ કલમ હેઠળનો ગુન્હો બને છે.**

હાલના કેસમાં ઇ.પી.કો. કલમ. ૩૩૭ અને ૩૩૮ ધ્યાને લઈએ તો તેના પણ આવશ્યક તત્ત્વો આ કામે પુરવાર થયેલ છે કારણ કે બનાવ સમયે આરોપી ટ્રક ચલાવતા હોવાની હકીકત પુરવાર થયેલ છે તેમજ ફરિયાદી, સાહેદ અરજનભાઈ, સાહેદ સંતોષીબેન જે આ કામના નજરે જોનાર સાહેદો છે તેઓ જણાવે છે કે, બનાવ સમયે આ કામના આરોપી ટ્રક ચલાવતા હતા તેમજ સ્થળ ઉપર થી તેઓ પકડાઈ ગયેલ છે. આરોપી પુરઝડપમાં તેમની ટ્રક ચલાવતા હતા અને પાછળથી ટકકર મારી સેજલબેનને ગંભીર ઈજાઓ પહોંચાડેલ છે. જે હકીકત મેડીકલ સર્ટીફીકેટથી પણ પુરવાર થાય છે. જેથી આરોપી સામે એમ. વી. એકટની કલમ–૧૮૪ પણ નિ:શંકપણે પુરવાર થાય છે.

**(૩૨)** ત્યારબાદ આ કામના આરોપી ધ્વારા તેમની દલીલમાં એવો બચાવ લેવામાં આવેલ છે કે, ફરિયાદીની ફરિયાદ અને જુબાનીમાં વિરોધાભાસ છે જેમ કે ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ છે કે, ટ્રક ચાલકે પાછળના ટાયરમાં તેમની બહેનને અડફેટમાં લઈ એકસીડન્ટ કરેલ છે પરંતુ આ હકીકત કોર્ટ રૂબરુ જુબાનીમાં જણાવેલ નથી. પરંતુ આટલા નાના વિરોધાભાસથી કેસના પરીણામને કોઈ અસર થાય તેમ નથી. **નામદાર સુપ્રિમકોર્ટ દ્ધારા સુનિલ કુમાર વિ. સ્ટેટ ગવર્મેન્ટ ઓફ એન.સી.પી.દિલ્હી ૨૦૦૪(૧) સી.સી.સી. ૫૨૪**ના ચુકાદામાં જણાવેલ છે કે,

***"Minor omissions-Evidence recorded years after occurrence of the offence, minor omissions are natural. There cannot be exact and precise reproduction in any mathematical manner what needs to be seen in whether the version presented in the court was substantially similar to what was stated during investigation- it is only when exaggeration fundamentally change the nature of the case, the court has to consider whether the witness was telling the truth or not."***

ઉપરોક્ત ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે એવુ જણાવેલ છે કે, જ્યારે જુબાનીમાં કે સાહેદોનાં નિવેદનોમાં ફેર આવતો હોય અને જ્યારે તેવી તફાવત ફરીયાદપક્ષનાં કેસને સંપુર્ણ રીતે નબળો કરતો ન હોય તો તે સંજોગોમાં ફરીયાદની હકીકતોને ન માનવાને કોઇ કારણ ઉભુ થતુ નથી.

**(૩૩)** આમ, તમામ સાહેદોની જુબાની અને પડેલ પુરાવાઓ ધ્યાને લેતા આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ-૧૮૪ મુજબનો ગુનો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થયેલ હોય મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ::-**

(૧) આથી ફોજદારી કાર્યરીતી સંહિતા કલમ-૨૫૫(૧) અન્વયે અદાલતને પ્રાપ્ત સત્તા મુજબ આ કામના આરોપી સુરજ શ્રી પાલ, રહે. સુરત કડોદરા વરેલી, તા.જી. સુરતનાઓને એમ. વી. એકટ

કલમ–૧૭૭ મુજબ ના શિક્ષાપાત્ર ગુનાના આક્ષેપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આથી ફોજદારી કાર્યરીતી સંહિતા કલમ–૨૫૫(૨) અન્વયે અદાલતને પ્રાપ્ત સત્તા મુજબ આ કામના આરોપી સુરજ શ્રી પાલ નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટ કલમ– ૧૮૪ મુજબ ના શિક્ષાપાત્ર ગુનાના આક્ષેપમાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સજા અંગે સાંભળવા મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૩ મી જુન ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૨૩/૦૬/૨૦૨૬

**(પ્રભાકર કૃષ્ણકાંત રાય)**
એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ,
નવસારી. GJ01112

સજા અંગે સાંભળ્યા.

(૩૪) એ.પી.પી.શ્રીની રજુઆત છે કે, આરોપી સામે હાલનો ગુનો નિ:શંકપણે પુરવાર થયેલ છે. આવા પ્રકારના વાહન અકસ્માતના બનાવો રોજ બરોજ બને છે જો આરોપીને ઓછી સજા કરવામાં આવશે તો આરોપીને ગુના અંગેની કોઈ ગંભીરતા રહેશે નહી જેથી મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

(૩૫) આરોપીના વિ.વ.શ્રીની રજુઆત છે કે, આરોપી તેમના કુટુંબમાં એક કમાવનાર વ્યકિત છે. તમામ જવાબદારી તેમના શીરે છે. જેથીઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૩૬) બંનેપક્ષોની રજુઆત ધ્યાને લીધી. આ કામે આરોપી તેમના કબજાવાળો ટ્રક પુરઝડપે ચલાવી ઈજાપામનાર સેજલબેનને પાછળથી ટકકર મારી ગંભીર ઈજાઓ પહોંચાડેલ છે. વધુમાં અકસ્માત કરી ઈજા પામનારને હોસ્પીટલ લઈ જવાના બદલે સ્થળ ઉપરથી ભાગવાનો પણ પ્રયત્ન કરેલ છે પરંતુ ત્યાંના સ્થાનીકો ધ્વારા આરોપીને સ્થળ પરથી જ પકડી લેવામાં આવેલ છે. તેથી આરોપીની વર્તુણુંક પણ ધ્યાને લઈએ તો તે યોગ્ય નથી.જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **-:: આખરી હુકમ::-**

(૧) ફોજદારી કાર્યરીતી સંહિતા કલમ-૨૫૫(૨) અન્વયે અદાલતને પ્રાપ્ત સત્તા મુજબ આ કામના આરોપી સુરજ શ્રી પાલ, રહે. સુરત કડોદરા વરેલી, તા.જી. સુરતનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯ માં તકસીરવાન ઠરાવી ૩-માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ફોજદારી કાર્યરીતી સંહિતા કલમ–૨૫૫(૨) અન્વયે અદાલતને પ્રાપ્ત સત્તા મુજબ આ કામના આરોપી સુરજ શ્રી પાલ, રહે. સુરત કડોદરા વરેલી, તા.જી. સુરતનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૩૭ માં તકસીરવાન ઠરાવી ૩–માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ફોજદારી કાર્યરીતી સંહિતા કલમ–૨૫૫(૨) અન્વયે અદાલતને પ્રાપ્ત સત્તા મુજબ આ કામના આરોપી સુરજ શ્રી પાલ, રહે. સુરત કડોદરા વરેલી, તા.જી. સુરતનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૩૮ માં તકસીરવાન ઠરાવી ૬–માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ફોજદારી કાર્યરીતી સંહિતા કલમ–૨૫૫(૨) અન્વયે અદાલતને પ્રાપ્ત સત્તા મુજબ આ કામના આરોપી સુરજ શ્રી પાલ, રહે. સુરત કડોદરા વરેલી, તા.જી. સુરતનાઓને એમ.વી. એકટની કલમ–૧૮૪ માં તકસીરવાન ઠરાવી ૬–માસની સાદી કેદની સજા તથા રૂ.૫૦૦૦/– નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) જો આરોપી ઉપરોકત દંડની રકમ ન ભરે તો વધુ ૧–માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આરોપી ઉપરોકત તમામ સજાઓ એક સાથે ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૭) આરોપી આ ગુનામાં જેટલો સમય કેદમાં રહેલ હોય તે સમય ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ ની કલમ–૪૨૮ હેઠળ મજરે આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૮) આ કામે પોલીસ દ્વારા કોઈ મુદ્દામાલ કબજે કરેલ ન હોય જેથી મુદ્દામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૯) ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ ની કલમ–૩૬૩ મુજબ આરોપીને આ હુકમની એક નકલ તાત્કાલીક વિના મુલ્યે આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૩ મી જુન ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૨૩/૦૬/૨૦૨૬

**(પ્રભાકર કૃષ્ણકાંત રાય)**
એડીશનલ ચીફ જયુડિશ્યિલ મેજીસ્ટ્રેટ,
નવસારી. GJ01112